# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-06-2024** **Evening : 7.10 to 7.20**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

- ❖ મન કી બાત કાર્યક્રમમાં પ્રધાનમંત્રીએ લોકસભાની ચૂંટણીમાં બંધારણ અને લોકશાહીમાં તેમના વિશ્વાસને પુનરાવર્તિત કરવા બદલ દેશવાસીઓનો આભાર માન્યો.
- ❖ એક વિશેષ અભિયાન "એક પેડ માં કે નામ" દ્વારા પ્રધાનમંત્રીએ લોકોને તેમની માતાઓ સાથે એક વૃક્ષ વાવવાની અપીલ કરી...
- ❖ કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે ખેડા મધ્યસ્થ કો-ઓપરેટીવ બેન્કની વાર્ષિક સાધારણ સભાને વિડિયો કોન્ફરન્સના માધ્યમથી સંબોધી..
- ❖ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બનાસકાંઠાના સૂઇગામ તથા સિધ્ધપુર ખાતે જળસંચયની કામગીરીની સમીક્ષા કરી.
- ❖ રાજ્યના 204 તાલુકાઓમાં આજે નોંધપાત્ર વરસાદ વરસ્યો.. સુરતના પલસાણામાં છ ઇંચથી વધુ વરસાદ..

---------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# MAN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લોકસભાની ચૂંટણીમાં બંધારણ અને દેશની લોકતાંત્રિક પ્રણાલીમાં તેમના વિશ્વાસને પુનરાવર્તિત કરવા બદલ દેશવાસીઓનો આભાર માન્યો હતો. આજે આકાશવાણી પરથી મન કી બાત કાર્યક્રમમાં પ્રધાનમંત્રીએ દેશવાસીઓને કહ્યું કે, 2024ની સામાન્ય ચૂંટણી વિશ્વની સૌથી મોટી ચૂંટણી હતી.

**(બાઇટ- પીએમ- 1)**

પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, છેલ્લા એક દાયકા દરમિયાન ભારતમાં વન વિસ્તારનો અભૂતપૂર્વ વિસ્તરણ થયો છે અને અમૃત મહોત્સવ દરમિયાન દેશભરમાં 60 હજારથી વધુ અમૃત સરોવરો પણ બનાવવામાં આવ્યા હતા.

**(બાઇટ- પીએમ- 2)**

ચોમાસાના ઉલ્લેખની સાથે શ્રી મોદીએ કેરળમાં બનેલી ખાસ છત્રી - 'કાર્થુમ્બી' નો ઉલ્લેખ કર્યો. પ્રધાનમંત્રીએ કહ્યું કે, આનાથી વધુ સારું ઉદાહરણ વોકલ ફોર લોકલ ન હોઈ શકે.

જમ્મુ અને કાશ્મીરના બરફના વટાણાનું ઉદાહરણ આપતા પ્રધાનમંત્રીએ કહ્યું કે બરફના વટાણાનો પહેલું ઉત્પાદન પુલવામાંથી લંડન મોકલાયું હતું.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કુવૈત સરકારે તેના રાષ્ટ્રીય રેડિયો પર હિન્દીમાં વિશેષ કાર્યક્રમ શરૂ કર્યો તે માટે તેમણે કુવૈત સરકાર અને તેના લોકોનો આભાર માન્યો હતો.

આ અંગે ખુશી વ્યક્ત કરતા શ્રી મોદીએ કહ્યું કે ભારતીય સંસ્કૃતિ વિશ્વમાં ગૌરવ મેળવી રહી છે. તેણે તુર્કમેનિસ્તાનનું ઉદાહરણ પણ આપ્યું. જ્યાં આ વર્ષે મે મહિનામાં તે દેશના રાષ્ટ્રીય કવિની 300મી જન્મજયંતિની ઉજવણી કરવામાં

આવી હતી. યોગ અંગે પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, સમગ્ર વિશ્વએ દસમા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ખૂબ જ ઉત્સાહ અને ઉમંગ સાથે ઉજવણી કરી.

પ્રધાનમંત્રીએ કહ્યું કે, આ સમય સુધીમાં આવતા મહિને પેરિસ ઓલિમ્પિક શરૂ થઈ જશે. તેમણે ભારતીય ટુકડીને ઓલિમ્પિક ગેમ્સ માટે શુભેચ્છા પાઠવી હતી.

પ્રધાનમંત્રીએ આકાશવાણી પરિવારને પણ અભિનંદન પાઠવ્યા હતા કારણ કે આકાશવાણીએ સંસ્કૃત બુલેટિન આજે તેના પ્રસારણના 50 વર્ષ પૂર્ણ કરી રહ્યું છે.

શ્રી મોદીએ કહ્યું કે, એક સપ્તાહ પછી પવિત્ર રથયાત્રા શરૂ થવા જઈ રહી છે. તેમણે ભગવાન જગન્નાથના આશીર્વાદ તમામ દેશવાસીઓ પર રહે તેવી શુભેચ્છા પાઠવી હતી. તેમણે અમરનાથ યાત્રા અને પંઢરપુર વારીનો પણ ઉલ્લેખ કર્યો અને આ યાત્રાઓમાં ભાગ લેનાર તમામ શ્રદ્ધાળુઓને શુભેચ્છા પાઠવી. શ્રી મોદીએ પણ અષાઢી બીજની શુભકામનાઓ પાઠવી હતી.

# KHEDA- AMIT SHAH

કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે કહ્યું છે કે, સહકારીઓ વચ્ચે સહકારનો મંત્ર સફળ થાય તો ભારતે સહકારી ક્ષેત્રમાં કોઇની મદદ લેવાની જરૂર નથી...

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે આજે ખેડા જીલ્લા મદયસ્થ કો-ઓપરેટીવ બેન્ક અને નડિયાદની 76મી વાર્ષિક સાધારણ સભાને વિડિયો કોન્ફરન્સ દ્વારા સંબોધતા આ મુજબ જણાવ્યું હતું, આ પ્રસંગે શ્રી શાહે સરદાર વલ્લભભાઇ પટેલ સહકાર ભવનનું ઉદઘાટન કર્યું હતું..

શ્રી શાહે કહ્યું હતું કે, ખેડા એ જ જીલ્લો છે જ્યાંથી પ્રથમ ગૃહમંત્રી સરદાર વલ્લભભાઇ પટેલના સફળ માર્ગદર્શન હેઠળ અમૂલની શરૂઆત કરવામાં આવી હતી. અમૂલે સમગ્ર દેશ અને વિદેશમાં સહકાર સે સમૃધ્ધિ હાંસલ કરવાનો દાખલો બેસાડ્યો છે.

શ્રી શાહે કહ્યું કે, સરદાર પટેલ ભવન એક આધુનિક ચાર માળનું કેન્દ્રીય વાતાનુકૂલિત ભવન છે, જે ખેડા જીલ્લાના ખેડૂતો અને રહેવાસીઓ માટે ખૂબ જ ઉપયોગી સાબિત થશે.

શ્રી શાહે કહ્યું કે, 1950માં ખેડા જીલ્લા સહકારી બેન્કનું ઉદઘાટન થયું ત્યારથી આ બેન્ક જીલ્લાના ખેડૂતોમાં કલ્યાણ માટે કાર્ય કરી રહી છે. આજે આ બેન્ક 31 કરોડનો ચોખ્ખો નફો ધરાવે છે.

આ પ્રસંગે રાજ્યના સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માએ આ મુજબ જણાવ્યું...

**(બાઇટ- જગદિશ વિશ્વકર્મા)**

# CM- BANASKANTHA/PATAN VISIT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બનાસકાંઠાના સૂઇગામ ખાતે નિર્માણ થયેલ હરે કૃષ્ણ સરોવર પ્રોજેક્ટની મુલાકાત લઇ જળસંચયની કામગીરીની સમીક્ષા કરી હતી. રાજ્ય સરકાર અને સવજી ધોળકિયા ફાઉન્ડેશન, સુરતના સંયુક્ત ઉપક્રમે જળસંચય કામગીરીનું નિરીક્ષણ મુખ્યમંત્રી દ્વારા કરવામાં આવ્યું હતું..જેમાં 45 લાખ ક્યુબીક મીટર સંગ્રહ ક્ષમતા ધરાવતું હરે કૃષ્ણ સરોવર 1360 મીટર લંબાઈ અને 480 મીટર પહોળાઈ ધરાવે છે..આ સરોવરના નિર્માણથી 500 થી વધુ ખેડૂતો અને 1500 હેક્ટર જમીનમાં સિંચાઈ માટે પાણી ઉપલબ્ધ થશે..

આ સરોવરના નિર્માણથી આસપાસના વિસ્તારોમાં પાણીના તળ ઊંચા આવશે સાથે જ લોકોની સિંચાઇની સમસ્યાનું નિરાકરણ આવશે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, આ સરોવરનું કામ થયા બાદ આગામી સમયમાં આ સ્થળ પર્યટન સ્થળ તરીકે વિકાસ પામશે.

આ ઉપરાંત મુખ્યમંત્રીએ સિધ્ધપુર ખાતે સરસ્વતી નદી પર નિર્માણ પામી રહેલા અંદાજે 20 કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણ પામી રહેલા રિવરફ્રન્ટ પ્રોજેક્ટ પર જળસંચય માટેની ચાલી રહેલી કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું..

# RAIN OVERALL

રાજ્યના 204 તાલુકાઓમાં આજે નોંધપાત્ર વરસાદ થયો છે. સુરતના પલસાણામાં છ ઇંચથી વધારે વરસાદ વરસ્યો છે. સુરતના બારડોલીમાં સાડા પાંચ ઇંચ, કામરેજ, મહુવા અને વલસાડ અને વાપીમાં પાંચ ઇંચ જેટલો વરસાદ નોંધાયો છે.

સુરતના વરાછામાં રીક્ષામાં બેઠેલા એક વ્યક્તિ ઉપર ઝાડ પડતા તેનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સૌરાષ્ટ્રમાં બે દિવસથી વધતા ઓછા પ્રમાણમાં વરસાદ પડી રહ્યો છે.. ત્યારે આજે વહેલી સવારથી અમરેલી જીલ્લા તથા શહેરમાં ધીમીધારે વરસાદ પડી રહ્યો છે.. લાઠી શહેરમાં ધોધમાર વરસાદી ઝાપટું પડતા શહેરના રસ્તાઓ ઉપર પાણી ભરાયા હતા.

દક્ષિણ ગુજરાતમાં પણ સવારથી ધોધમાર વરસાદ ખાબક્યો છે. ત્યારે નવસારી શહેર સહિત જિલ્લામાં અનેક વિસ્તારોમાં ગોઠણસમાં પાણી ભરાઈ ગયા હતા. જિલ્લામાં વાવણી લાયક વરસાદ વરસી રહ્યો છે જેને લઈને ખેડૂતોમાં ખુશી જોવા મળી છે.

ભાવનગર શહેર અને જિલ્લામાં સતત ત્રીજા દિવસે પણ વરસાદી માહોલ છવાયો છે. જિલ્લામાં પડી રહેલા વરસાદને પગલે સ્થાનિક નદી,નાળાઓ વહેતા થયા છે, જ્યારે હજુ ભારે વરસાદની આગાહીને પગલે વધુ વરસાદ પડે તેવી શક્યતા જોવા મળી રહી છે.

અમદાવાદમાં સરેરાશ પાંચ ઇંચ જેટલો વરસાદ વરસ્યો છે.

મોરબી પંથકમાં ગાજવીજ અને કડાકા-ભડાકા સાથે મેઘમહેર શરૂ થઇ છે. આજે ફરી  એક વાર મેઘરાજાએ પધરામણી કરતા વાતાવરણમાં ઠંડક થઇ ગઇ હતી.

છોટા ઉદેપુર જિલ્લામાં સાર્વત્રિક વરસાદ થયો છે. આજે બોડેલી પંથકમાં ધીમી ધારે વરસાદ વરસ્યો હતો..

બોટાદ જિલ્લામાં સતત બે દિવસથી હળવો વરસાદ વરસી રહ્યો છે. ગઢડા તાલુકા પાસેની નદીમાં વરસાદી પુર આવવાની શક્યતાઓને લઈ નીચાણ વાળા વિસ્તારોમાં સાવચેત રહેવા જણાવાયું છે..

મહેસાણા જિલ્લામાં વરસાદી ઝાપટાં પડ્યા હતા. વિસનગર તાલુકામાં એક ઇંચ વરસાદ વરસ્યો હતો. કડી અને વિજાપુર તાલુકામાં હળવા વરસાદી ઝાપટા પડ્યા હતા.

સુરેન્દ્રનગર જીલ્લાના ચૂડામાં ગઇકાલથી અત્યાર સુધીમાં સાત ઇંચ જેટલો વરસાદ વરસી ચૂક્યો છે.

અરવલ્લી જિલ્લામાં આજે ભારે પવન અને વીજળીના કડાકા સાથે વરસાદ વરસ્યો હતો.. જિલ્લાના ધનસુરા, મોડાસા, માલપુર, ભિલોડામાં હળવોથી મધ્યમ વરસાદ વરસ્યો હોવાના અહેવાલ છે.

સાબરકાંઠા જિલ્લાના ઈડર ખાતે ધોધમાર વરસાદ વરસ્યો હોવાના અહેવાલ છે.

ભરૂચ, આણંદ અને દ્વારકામાં પણ નોંધપાત્ર વરસાદ વરસ્યો છે.

# GOVERNOR- SAMELAN

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે આજે બનાસકાંઠાના ભીલડી ખાતે પ્રાકૃતિક કૃષિ સંમેલનની સાથે ત્રિવેણી સંગમ સમારોહ યોજ્યો હતો, જેમાં આનંદ પરિવાર દ્વારા બનાસકાંઠાને સંસ્કારકાંઠા બનાવવાના ધ્યેય સાથે એક નક્કર અભિયાનની શરૂઆત કરવામાં આવી છે. આ કાર્યક્રમમાં કુલ ૫૯ શાળાના ૬૧૦ બાળકોને મેડલ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. રાજ્યપાલશ્રીના હસ્તે 'માનવ જીવનનું બંધારણ’ સંસ્કાર પાઠ્યપુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું.

આ અભિયાન અંતર્ગત શાળા સ્તરે બાળકોમાં સંસ્કારોનું સિંચન કરીને સંસ્કાર શાળા બનાવવાનું તથા ગ્રામ્ય સ્તરે વ્યસન અને કુરિવાજોથી સમાજને મુક્ત કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

# SURAT- HARSH SANGHVI

સુરતના જકાતનાકા વિસ્તારમાં રેલવે આરક્ષણ કેન્દ્રને ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ખુલ્લુ મુક્યુ હતુ. આ નવા કેન્દ્રેથી રાંદેર, જહાંગીરપુરા, અડાજણ, પાલનપુર જકાતનાકા વિસ્તારમાં રહેતા ઉત્તરપ્રદેશ, દિલ્હી, બિહાર, મધ્યપ્રદેશ જેવા રાજ્યોમાંથી સુરતમાં સ્થાયી થયેલા લોકોને લાભ મળશે.

# KUTCH- CHOKHA NO JATHHO

ડિરેક્ટરોટ ઓફ રેવન્યુ ઇન્ટેલીજન્સ ગાંધીધામ દ્વારા 40 કન્ટેઇનર ભરેલા ચોખાના જથ્થાને મુંદ્રા બંદરે રોકી દેવામાં આવ્યા છે.

અમારા ભૂજના પ્રતિનિધી હેમાંગ પટ્ટણી જણાવે છે કે, આ કન્ટેઇનરોમાં ચોખાનો જથ્થો હતો, જેની નિકાસ દુબઇમાં કરવામાં આવી રહી હોવાની બાતમીના આધારે આ કાર્યવાહી કરવામાં આવી હતી. જે ચોખા મોકલવામાં આવનાર હતા, તેની જગ્યાએ પ્રતિબંધિત ચોખાની નિકાસ કરાઇ હતી. આ ચોખા આંધ્રપ્રદેશની પાર્ટી દ્વારા મુંદ્રા બંદરેથી દુબઇ મોકલવામાં આવી રહ્યા હતા...

# SURAT- DUMMAS BEACH

સ્વચ્છ ભારત અભિયાનને વેગ આપવા માટે ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ સુરતના ડુમ્મસ બીચ ખાતે યોજાયેલા સ્વચ્છ ભારત અભિયાનમાં ભાગ લીધો હતો.

પ્રોજેક્ટ સુરત ગ્રુપ અને શહેરની વિવિધ એનજીઓ દ્વારા સુરતના ડુમ્મસ બીચ ખાતે આયોજીત કાર્યક્રમમાં શ્રી સંઘવીએ કહ્યું હતું કે, સ્વચ્છતા સુરતીઓની આદત બની રહી છે. દર રવિવારે ડુમ્મસ બીચ પર સફાઇ કરીને પ્લાસ્ટીક બેગ, થેલીઓ, ચંપલ, ગ્લાસ, કાચ સહિતનો કચરો એકઠો કરવામાં આવે છે અને તેનો નિકાલ કરવામાં આવે છે. આ પ્રસંગે સુરતના મેયક દક્ષેશ માવાણી પણ હાજર રહ્યા હતા.

# VAPI CHILDREN DROWN

વાપીમાં પાણીના ક્યારામાં ડૂબી જવાથી ત્રણ બાળકોના મોત નિપજ્યાં છે.. વાપી છરવાડા ખાતે આવેલ વાડીમાં ચાર બાળકો પાણીના ક્યારામાં ન્હાવા પડ્યા હતા. તેમાંથી ત્રણ બાળકો ઉંડા પાણીમાં ગરકાવ થતાં ડૂબી ગયા હતા. એક બાળકનો આબાદ બચાવ થયો છે. આ બાળકને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ અંગે પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# NEWS IN BRIF

- પંચાયત અને કૃષિ મંત્રી બચુભાઈ ખાબડે દાહોદમાં વૃક્ષારોપણ કરી 'એક વૃક્ષ માં કે નામ' અભિયાનમાં જોડાયા..
- ગાંધીનગરના રૂપાલ ગામે સ્વસહાય જુથની મહિલાઓ માટે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા નાણાકીય સાક્ષરતા જાગૃતિ અંગે એક કેમ્પ યોજાયો.
- રાજકોટ ડિવિઝનમાં આવેલા રાજકોટ-ખંડેરી-પડધરી વિભાગમાં ટેક્નીકલ કામગીરીના લીધે આગામી આઠમી જુલાઇ સુધી રેલ વ્યવહારને અસર થશે.
- પાટણ સાયન્સ સેન્ટર ખાતે 500થી વધુ લોકો ડ્રોન ટેકનોલોજી વર્કશોપમાં જોડાયા..

- ગીર સોમનાથ જીલ્લાના ડારી ગામે જાહેર માર્ગો પર થયેલા ગેરકાયદેસર દબાણ દુર કરવામાં આવ્યા..
- વલસાડની શ્રમજીવી શાળામાં ધોરણ-નવના બાળકોનો પ્રવેશોત્સવ યોજાયો..
- વલસાડ જીલ્લા પ્રાથમિક શિક્ષક સંઘનું ટ્રી- વાર્ષિક અધિવેશન ધરમપુર તાલુકાના ખારવેલ બીઆરસી ભવન ખાતે યોજાયું હતું..
- નર્મદા જીલ્લાના ધારીખેડા ખાતે ગુજરાત પ્રદૂષણ નિયંત્રક બોર્ડ દ્વારા જાહેર લોક સુનાવણી યોજાઇ..
- નર્મદા જીલ્લામાં તમામ તાલુકાઓમાં ઇમરજન્સી કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યા છે.